
મનહરણ ગાયન.

ભ૦ .ી પ્રસીધ કરતા.

મોજે ડહાળ તાલુકે અંકલેશ્વરના
પટેલ હુશેન અબરામ ચેણીયા



“ધી ભરૂચ વિક્ટોરીયા” પ્રીન્ટીગ પ્રેસ.

સને ૧૮૯૪.

કીમત ૨ આના.

સુધરેલી અસ્ત્રીનાં સદગુણ વીશે.

મનહરણ છંદ.

પીયારા પીયુજી મને; પ્રાણ થકી પ્યારા લાગો
તમ માટે હાજર કરૂં હું, જીવ જાનને. ૧
તમો ભરથાર મારા, આતમાંનાં છો આધાર,
તમ થકી પામું છું હું, અતીશય માંનને ૨
ખરૂ શગપણ છે. આ જગમાંજ સ્વામી તણું
અંબરથી અળગી, રહી છું એવું જાણીને. ૩
મુજ માતતાતે મને, હેતથી ઝલાવ્યો હાથ.
સ્વામી સાથ રાખો મને, અતી પ્યાર આણીને. ૪
તમ વિનાં બીજા કદી, અમીર વજીર હોય.
તોયે તુચ્છ તેમો, શઘળાઓને હું જાણું છું. ૫
શુખ આપો દુખ આપો, તોયે હુ તમારી સ્વામી.
અધીક વિચાર; એવો મનમાં હું આણું છું. ૬
બાય ગ્રહી કરી લાજ, રાખી મને મહારાજ.
આદયથી તે અંત સુધી; અધીક નભાવજો. ૭
હુંય અવગુણી મતનીથી, અવગુણ થાય.
તોયે તે શઘળું સ્વામી, મનમાં ન લાવજો. ૮

મનાહર છંદ.

સુધરેલી નારી તણી; વાત શી કહું વખાણી
સુણી અમરત વાણી, પતિ મોહ પામે છે. ૧
ચાતુરીથી કરી કામ, હિયામાંય ધરી હામ
નેહનાં ભરેલાં નેણે; સ્વામીને રીઝાવે છે. ૨
નમ્રતા એ બોલે બોલ; પતિના રાખવા તોલ.
કહે ભલે તમ જેવો, પામી ભરથારને.

ભલુ થજો ભગવાન, મારૂ તમે રાખ્યું માંન.
સંશારનાં શુખ શહુ, પામી હું અપારને.
પતિ તમો ગુણજાણ, હું છું અવગુણી ખાંણ.
એમજ નીભાવો, મને પ્રાણ પ્યારી જાણીને.
પતિ તમને જો દુઃખ, તો દુઃખ શદાય મારે.
એમ દાજ આણે ઘણો, સ્નેહ તો બતાવીને.
ધણીને તો આપે ધીર, પોતે બની શુરવીર.
હીંમતનાં બોલે બોલ, હેતે શમજાવીને.
લોકની મજુરી કરે, પતિતણું પેટ ભરે.
પણ રોશ લેશ નહીં તેનું દુઃખ આણીને.
ગરીબનો જુવે તોલ, હલકા ન બોલે બોલ.
પોતાના પતીની વાત, કરે છે વખાણીને.
હુશેન કહે છે આમ, તારૂ એયે તારયું નીમ.
ધન ધન કેયે ઘણું એની જાણનારીને.

મનહર છંદ.

જુવો ભુડી રાંડ ભાઈ; નીત ઉઠીને લે લડાય.
સંપને કદાપી શાઈ. ન રહે મનાયને.
કંકાશનું મુળ કાઢી. કંથને કાયર કરે.
ધુમાડાની પેરે રહે, નીત ધુંધવાઇને.
એક ઘડી નોયજો જરાય કાંઈ ચીજ હોય.
તો તરત ગાળ આપે, ક્રોધ ઉપજાવીને
જનમનો મને મુવો ઘણો દારદરી મળયો.
શુંય શુખ પામી હુંય, તારે ઘેર આવીને.
પતિનો ન રાખે ભાર, છાની વાત પાડે બાર
વીશેશ વગોણું કરે, ખુબ ફીટકારીને.
ફીકર ન ઘર તણી, નજર પીયરજ ભણી.

એવી ભુંડી રાંડે શાહુ નર ગયા હારીને.
મારી નહીં માને શાખ, પતીને મગાવે ભીખ
છભના સવાદ ભેર, શારૂ શાકે ખાવીને.
હુશેન કહે છે આમ, તારૂંયું કુબાવે નામ.
ધીક ધીક કૈયે ઘણું એની જણનારીને.

મનાહર છંદ.

છભડીમાં આવુ ઝેર છભડી કરાવે વેર
છભડીનાં ગુણેરનેહ ભાવ આછો થાય છે.
છભડીમાં આવું ખુન છભડી કરાવે ખુન
છભડીનાં ગુણે ગુણીયલમાં ગણાય છે.
છભડીમાં આવાં દાન, છભડી અપાવે માન
છભડીનાં ગુણે નીરગુણીમાં જણાય છે.
કહે છે હુશેન ભાઈ, છભડીથી વેર થાય.
છભડીના ગુણે, આકાર ભાવ થાય છે.

મનાહર છંદ

પુત્રીને લડાવ લાડ; પીતા તે જાણો ચંડાળ
લાડને લડાવી તેનો મનખો બગાડે છે. ૧
છભને સવાદે ખાય, આડે રસ્તે નીત જાય
પછી એવા કામમાં તો, છદગાની કાડે છે. ૨
સો ગાડાંએ આલો શીખ, કશું નહીં માને ઠીક
કરશે અધીક પોતે મનમાં જે ભાવે છે.
હુશેન કહે છે આમ, વ્યભીચારી કરી કામ
પછી તે નઠારી નારી, કુળને લજાવે છે.

મનહર છંદ.

દેવુ છે દારૂણ દુઃખ. બાળો દેવા તણુ મુખ
દેવાથી દેવાળીયાઓ ઘણાં થઇ જાય છે.
નીર્વાહ ન રાખે કામ મોટી મોટી ભીડે હાંમ
પછીથી વીષેરાતે. દેવાથી વધી જાય છે.
ઘેરઘેર શાહુકાર આવીને કરે પોકાર
ખુબ કરી ફીટકાર, હોહાને શતાવે છે.
ઉદયમ ન કરે લેશ મોટાઇનો રાખે ઠેશ
એવા નીરઉદમીઓ શાખને ગમાવે છે.

મનાહર છંદ

જુવો જેણે ખોય શાખ, તેણે જાણો ખોયા લાખ,
શાખ નહી ખોય તેણે, જાણવું જે લાખ છે,
શાખથી પતીજ થાય, શાખ વીના ધીર જાય
વીનાં શાખે મળે તેતો જાણવું જે રાખ છે.
શાખથી ફેલાય કામ શાખથી કઢીએ નામ.
શાખ હોય તેને જાણે, ઘણાં ધન્યમાન છે.
સાખે આવકાર થાય શાખવતી જીવી ખાય.
શાખ હોય તેને જુવો ઝાઝાં આદરમાંન છે.
શાખે શાહુમાં પોશાય શાખથી દરીદ્ર જાય
શાખ હોય તેને જુવો ઝાઝો આવકાર છે.
કહે છે હુશેન ભાઇ શાખે ઘણો લાભ થાય.
વીનાં શાખવાળાઓનુ જીવવું ધીકાર છે.

મનહર છંદ.

મેનત કર્યાથી ધન નહી; તોએ ધાન મળે
આપદા અનાજ તણી જરૂરથી જાય છે.

હર ઘડી હેતુ મીતુઓને ત્યાગે આશકુયાથી,
ફરીને ફરીને તેનો, બોજ થોડો થાય છે,
રણમાંહે શત્રુતણું સંગ્રામ જ્યાં થતુ હોય.
તો તરત નર શુરવીર, ત્યાં જણાય છે,
બાંધવજનોમાં ઘણાં ખરા જે શપુત તન
થીરતા રાખે તેતો કરેલમાં ગણાય છે.
નવનીત તાવવાથી તુરતજ ઘૃત થાય.
ખુદરતી ખેલ જુવો કેવો ગેબ જણાય છે.
ખાંખણને ચોળવાથા શરીરે શુધારો થાય,
દાધર મટીને નીરમળ, દેહી થાય છે.
નવરતનોને શારી પેઠે અજમાવી જોયે
બનીવટકેરું કામ તુરત જણાય છે.
શારડીને ફેરવ્યાથી, છીદ્ર જુવો થાય તેમ
ચાડીયા ચુગલખોરે શજનો ટળાય છે.
બજીદ માણશકેરા અપવાશ થકી જુવો
વીશેશ રીતે તે ઠોર ઠોર વખણાય છે.
નેહમીયે નેકી નીચ, માણસોનો રાખવાથી.
હમેશ વખત તેનો, તુરતજ થાય છે.

કવીત.

નબી દીનકા ખંભ, નબી તારંત તરત, નબી ઉગારન હાર;
નબીકે કલમેસ હોજાય બેડાપાર; દોજગકી
આંચ મુશલમાનકું ન લાગેગી, જહાંકે જામાહે;
તનપાક, મનપાક, જામાં ઓર જમી પાક; અવલતો
મુકરાનકા, કબતે, રસુલકુ, ઇદગાકે દરઘામે;
દરઘામે કબુલ હોત, ચંદકી મુબારકી, મહીનાતો

બારે હેં; મહીનાં રમજાંનમાં; તે ગાતો બાત હે.
તેગ અલી જાનકી, છાપાતો બાતહે; છાપશુલે
માનકી, શીરતો બાત હે, શીરી જુબાંનકી.
આયતતો બાતહે, આયત કોરાનકી,
હીકુતો, બાત હે સીફત મુશલમાનકી,
આકબતકીખેર ઔર ઇમાનકી સલામતી.

કવીત.

રોજે રમજાન રખ, તીશમોમીન મુશલમાંન
માલકી જકાત હજતુજે શહીહે.
ફીજર કીચાર કહુ, જહોરકી બાર કહુ
અશરકી આઠ, સાતમગ રેબકી રહીહે.
ઇશાકીશ તરેપક તશબીજેની ફુલ પડ
ઇમામ આજમને જો કહીહે.
કલમાં કહોજ પાંચ, દોજકીન લાગે આચ
આખર અવલ પરશીદ તુજે ઔઢીહે.

કવીત.

કવીતતો ભાટની, વેણુતો મોરલી નાદની
ગદા તો ભીમની, બાણુ તો અરજુનનું.
જોશીપણું શહદેવનું. સાચવટતો ધરમનું
પોડવું તો પલંગનું; રોશવાણુંતો મલપતનું
કરી તો વડોદરા વાકડની, કન્યા તો નાગરની,
લહેર તો દરીઆવની, મેહરતો અતીતની
તલવલાટતો વીછુનો અલવલાટતો ચાંચડનો.
બુધ્ધી તો ગણુપતીની, શાલસાઇ તો ભેશપતીની.
દુશ્મનાઇ તો દાનાંની, છેલાઇતો અલકાની

અદબઆઇ તો ભીખાજીની, આંબાતો વડોદરા વાંકડાનાં
ચોશીઆળા અવતાર ચાકરનાં; તોફતો ડાકણનાં
શોક તો સુવાનાં, પાણી તો રેવાના
ઉજમ તો રેવાનાં, કાય. તો કારમી
લીલા તો ઇશ્વરની માયા તો મેઘની
છાંયાં તો વડની પાન તો તુલશીનું
બેશણું તો ખુરશીનું, જમણું તો દુધપાકનું
ઓઢવું તો શુભ પાલવનું, કડી તો ફુદનાની,
તાડી તો ઉધનાની, પાશણું તો તાંબાનું
ફલ તો આંબાનું ચાસ તો ચારણનો
ટપકું તો શીદુરનું લટકું તો રામદેવનું
તરવાર તો શીરોહીનો, ઝટકો તો રાઠોડનો.
માન તો રજપુતનું ધાન તો કાબુલીનું
શોટો તો શાગનો, ને તમાચો તો વાઘનો
ઠેક તો અડાની, ચીકણાંઇ તો ઘાડાની
જામીનાઇતો ભાટની; લુચ્ચાઇતો લાંડનો
વરસાત તો રવાંતનો, સ્વાદ તો દાંતનો
અલબેલો તો મુંબાઇનો, બરફી તો સુરતની
પેંડા તો મથુરાનાં સુતરફેણી ખંભાતની
કેળાં તો દેવધનાં શીનવાડોની શુંઠ
ઘમડાછાનો ગોળ, ડીગડેજાનું ઘી.
હાંશોટાનાં ઘઉં રાજમે ડાગર બાજરી બહુ,
કવાર ગામની છાશ, ચાણોદી વાસનું માસ,
ને દેલવાડાનું દહીં, એ ત્રણ માનનો ત્રણ ચીજમાં
ભલીવાર પણ નહીં,

લાવણી ૧

ધન કેશવ ગોપાર, ધન જીવવું તારૂ
કંઇ કીરામત તારૂં દીશે જોરાવર સારૂ
તું બધી વાતનો પુર, કરમનો બરીચો,
કીધી કીરપા તને કીરતારે, નશીબો ફરીચો,
કંઇ ખંડુભાઇ થાનદારે મેહેર જો કીધી.
તને વરશાદાડામાં, પોલીશ પટેલી દીધી,
કંઇ ખરા લખાણનો, મજબુત પાયો કીધો,
કંઇ તાબડતોડથી, હજુરનો હુકમ લીધો,
જયારે આઇવો હુકમ; ત્યારે ખબર કરી તો દીલદારે
એક પત્ર લખીને જાસુક મોકલ્યો ત્યારે
તે ખબર સાંભળી; ખુશી થયા મનમાંહે
તે ગામના મેહેતાજીને; ઇનામ આપ્યું તાંહે
તું દીલનો ઘણો દાતાર, જીવડો સોખી
તુ પરમારથમાં પુરો, કામનો નોકી
તેં આ અવસરીએ, ભલી જુગતી કીધી
તેં વરસદહાડામાં; પોલીશ પટેલી લીધી
કંઇ માધવ ફાકડો રૂટી શેહેલ, ઉડાવે.
કંઇ શાજ સવારે, ભુરી ઘોડી ખેલાવે.
કંઇ કોઢ ગામમાં, રૂડો મુકામ છે, તારો.
તે ઘણી જુગતીથી, બાંઇધો શોભીતો શારો.
તેં આગલે બારણે, મેલી જુગતીથી જારી.
કંઇ વાડામાંઇ; શોભીતી કોવારી શારી.
છંદ કુશેન અભરામ, ભરી શભામાં બોલે.
આ નીતનીતનીત લાવણી, નવીન રેહેશે જોડે.
ધન કેશવ ગોપાર; ધન જીવવું તારૂં
કંઇ કીશામત તારૂં, દીશે જોરાવર શારૂ.

લાવણી ૨

ધનદાનજી તમ નામ, માંડવું ગામ, ખુબ છે સારૂ.
તમ બની બનેલી, ઉપજ નીપજ વીસ્તારૂં
આ દેહ ધરીને, સુકુળ જનમ તમે કીધો
ઘણા પુન્ય થકી, પરમારથ મારગ લીધો
તમો દાશો છો દાનેશ્વરી, દીલમાં ડાયા
બહુ બહાદુરીથી, પરગણે પંકાયા
તમો શુરવીરા શરદાર, દીલના દાતાર, રંગના ભોગી
બહુ પરમારથનાં કામ કરાં, ઉપયોગી.
કંઈ ભલા ભલા શતરૂને, વશ તમે કીધા
કંઈ ખરૂંચી ગાંઠના નાંણાંને, જશ તમે લીધા
તમો પેઈશાહ ભીગાં, જરા દીલમાં નહી બીધા
આ અવલોકીક, શંશારી લાવા તમે લીધા
તમ જીવવું તો પરમાણ, જગતને જાણ, થયુ છે ભારી
તમને દુર થકી જોઈને, કાંપે નરનારી.
તમે સુરત શેહેરની, શેલ કરી બહુ ભારી.
વળી વીવેકથી જોઈ. વડોદરે અશવારી.
તમે સ્નેહ ધરી, શોબતીયા મડલી લીધી.
બહુ તીરથો તીરથની, જગત જાતરા કીધી
નીત બેઠક કચેરી ભરાઈ, મનસુબા થાઇ.
બહુ સ્નેહ કરીને; અફીણ કશુંબા ગળાઈ.
એવા રંગ ભોગનાં, કારયો શુખ આવારે.
હવે ભવશાગરનો, પ્રભુ પાર ઉતારે.
કહે હુશેન અભરામ, અરજ કાનપર ધરજો
શો શબા મંડળીકૂ સ્નેહ ધરી શાંભળજો.

લાવણી ૩

ધનધન ડાયા કેસુરજી; મનશા જનમ લાવો લીધો.
થોડાં વરસમાં નાની ઉમરે, શહુ શોખ પુરો કીધો
કંઇ તો કીધી તે બળદ આલ્લીને, કંઇ તો કીધી
ઘોડાની શોહેલ.
કરમ શંજોગે કરે શાહેબી ને, પરમેસ્વંરની પુરી મેહેર.
પંઇશાને તો કાંઇ ગણે કાકરાને, શોલ ઉડાવે ડાયો શેઠ.
આ શુ કરે ડાયા કેસુરજી ને, બધા વાણીયાં કુટે પેટ.
ડાયાંજીતો દીલમાંહી વીચારેને;ભમે શીઆર મોટો કાળ.
પલક એકમાં લેશે પકડી તો, પડીરહેશે શઉ ધનમાલ
ખાવ પીયોને કરો ખુબીયોને, પેહેરો કપડાં અપરમપાર
ફીકર જરા નહી કરવી દીલને ને, આપસે સુજને
શરજન હાર.
આ જીંદગીનો નથી ભરોશો; કેનાં છોરૂ ને કેના બાપ
કરવું તેવું પોતે ભોગવવું ને,શાથે આવશે પુન્યને પાપ
ચ્યારદીહાડાનું ચાંદરણું ને; પાછળથી છ અંધારૂં
કુડકપટનાં કરમ બાંધવાં; તેતો કયમ જીવતરશારૂ
શદા ચરણ શામજીને ચાલવુ ને પરમારથનુ કરવું કામ.
કૃપાનીધી મુજ દીન દયાળુ લજાતો રાખેશી! રામ

લાવણી ૪

સુકલતીરથકા બડા તીરથ હૈ, મેંદની હોતી હે ભારી
ચલો ભાઇઓ આપન જઇઓ, કયા દેખનકી બલીહારી
હર પુંનમકું શબી લોક વહાં, દરશન કરનેકુ આવે;
ભાતભાતકી રશોઇ બનાકે, મહારાજકુ પધરાવેજી.
કારતેકશુદ પુનમકે ઉપર. બળા મેલા હોતા ભારી;
સાધુ શંત કંઇ જપીયા તપીયા; ઓર આતે દુનીયાંદારી

ઉશકિ શરકા દરશન કરકે, અરજ કરતે હે ખડાખુડા
ભેર ભુગર ઓર તાલ પખાજે; ઓછવ રંગ કરતે હે બડા
ઉસકે શરકા દરશન કરકે; શુકલેશરકુ જાતે હે;
શીતાર તબલા શારંગીશે; ગાંનતાંન ઉડતે હેજી
દેખલકે વહાં કુર્નાચાં શારી; હોતા હે મીલા ઠેલાં;
ગીનતી ઉનકી નહી કર શકતે; કંઇ લોક હોતે ભેળાજી
સુપરીશ ટેનડેન ઓર પોલીશકા; આતા હે ગાવહાં પેર
દુમાગ ઉનકા દેખકી વહાં; દીલકુવા ઠડા મેરાજી
હુશેન આબુ...મજી ગાંત લાવણી; છંદ બનાતે પલકોમે
ડઢાળ ગામકે રહેનેવાલે. નામજીનું કા મુલકોમેજી

લાવણી

કસબા અંકલેશર ગામ બડાહે, ઉશમે રહેતે હો નનુંમીયાં
ખુદાને તમકું દીયા મરતબા. ઉશકી હકીકત કરું અયા,
ડઢાલ અબોલી ગામ તુમારા, આપ કરતે હો બાદશાહી
હલીમશાકા હે બડા વશીલા, ઉનસે તમકુ ઇજતપાઇ,
બાત જાનતે હો દીન ઇશલાંમકી, નેક કામપે બડી નજર;
ઇશમ અપની સાદાત કહેતે હે, કંઇક રખતે હો ગુલામ ઘર,
ડઢાલ ગામ હે બોહોરૂ લોકકા, ઉશમે મરતબા હેઆ બડા;
પટેલ મહેતા દાનો હોગે તુમારે,ને હવાલદાર એક રહેતા બડા
ઇશી ગામમેં એક બાગ બુંનાયા, ઉશકી બડી હે બહુહારી;
આમ જામ ગુલજાર ખીલ રહે; ઉમરાવતી બેહેતી જારી;
અંકલેશરમે એક મેહેલ બનાયા; કયા તારીફ મેં કહુ ઉશકી
પચીશ હજારકી બનાઇ ઇમારત; ગરીબ લોકકી કયા ગીનતી
મેહેલકી નીચે એક બેઠક બનાઇ;જાજમ તકીયેકી નીકાલીડાર
સામી દીવાલપર તખતા બીરજે; ઘડીઆલકી તો કુરજી હે
બડી બાહાર;

ઘંનન ઘંનન ઘડીઆળ બજતી હે: મીનટ કાંટા ચલતા જારી
ઉશકી પાશ એક મેહેજત આઇ, ઉશમે રહેતેહે દીનદારી;
ચાર તરફ એક કોટ બનાયા; ઉશકુ દરવાજે લગાયે ચાર;
ક્યા કહું મે તારીફ ઉશકી, મેહેલ બનાયા હે ગુલજાર;
કંઇ કંઇ તરેહકે કામ બનાકે; તુમને ઉડાયે દામોદરમ.
હુસેનભાઇકી એહી અરજહે; ખુદા રખે તુમારી શરમ

લાવણી ૬

કીશમત જગમે બડી કીજાતી, કીશમતકી ગત હે ન્યારી.
કીશમતશે લખપતી બનગયે; બીનકીશમતશે લાચારી.
અંકલેશરકા એક ગામ કોશમડીને, ફકીર વાંકા રજબશા.
દખો કીશમત ઉનકી યારો, છોટપનેમે ખુંન કીયા.
છતાલીકા એક સોની માલેન, કુડકપટશે મારા ગયા.
ઉનકી તોમત શીરપે લગી તબ, કાલે પાણીકા હુકમ હુવા,
એક બરસ વહાં રહા કેદમેને, ફીર કીશમત વહાં પલટાઇ.
એકા એકમે શાબકી ઓરત, આગમી બીચમે ઘેરાઇ.
દીઇ ખુદાને હીમત કોમત, કીશમતકી નહીં હો શકતી.
ધાઇ દોડકે ચડે બંગલેપર; કીશમત તેરી કયા લડતી.
તોશ હાથશે મારા કુદકા; આફત અગની બચાલીયા
બળી બાદુરી હુઈ તમારી; બાદુરીકા કામ કીયા.
પાંચશો ઘોડેકા બના રીશાલા; કાલેપાનીશે છુટ ગયા.
દખો કીશમત ઉનકી યારો; કયા કીશમતને જોર કીયા.
દાંતા પાંનીને જોર કીયા, ફીર અપનાં મુલખી દખ લીયા.
અપને મુલખકું આકે મુસાફર; શબ લોકોકું ખુશી કીયા.
ભાંડ ભવૈયે જાચક નાચક; ઇન લોકોકુ ઇનામ દીયા
કુટંબ એશ પરીવાર કબીલા; શબ લોકોકું ખુશી કીયા.
ખતીજ બુકું દીયે છસોં રૂપીયે; બીબીકું તો બીશ દીયે.

અથોડે ખાલી આરામ ઉનકું; બીશ રૂપે બખશીશ કીયે.
સુરશાકી આરામ ઉનકું, પચીશ રૂપેકા બાંક દીયા.૭
રીમશાકો જગીચેત ઉનકું; કલ્લેઓકા શરપાવ કીયા.
અવલ તુમને આજમશાકે ઉપર; પેનેશોકો હુંડી કીઇ.
ફીર તુમને અપને હીબતનકું, આનેફીત શરીફ લીઇ.
એક બખત આ ગયે શફરકું, ફીર પીછે કોશામત લાઇ.
બની બનાકે હમને શુનાઇ; કેહેતે હૈ હુશેનભાઇ.

લાવણી ૭

દખો પ્રીતકી રીતી યારો, શદેવંત શાવલીંગાકી.
પુન દેખો કાશીરામકા ને; લડકી જોશી શરમાકી૭.
એકાએક જંગલકે અંદર; મીલાવાં દોનુકા જોડા,
પ્યાસ લગી દોનોકું યારો, તુંબીમે જળથા થોડા૭.
પીયો પીયો દોનુને કહા, પણ જલકોઇને નહી પયા,
બડી પ્રીતકે કારણ ઉનકા, અધર તાલ જીવ નીકલ ગયા૭
આન પહોચ્યે મહાદેવ પારવતી, જીવને ઉનકુ સજીવનકીયા
બાર કરમ કરનેકે ખાતર, માહાદેવકે મદીરમે ગયા૭.
માહાદેવને ફીર ખુસે હોકે, દોનુ જનકું શ્રાપ દીયા;
તબી હુઇ શાહેબકી કરની; સાત જનમ અવતાર લીયા૭.
પેલી હુઇ એ ચકવાચકવી, દુશીરા હરણા હરણી અવતાર
ત્રીજે હુઇ એ મોર મોરલી; ચોથે હંશ હંશલી નરનાર૭
હુઇ પાંચમે રાજા રાની; છઠા બંદરકુ જાનો,
બીપત પડી ઉનકુંભી યારો; ઉશી શ્રાપકે ફલ જાનો૭.
મહાદેવકા બચન ફીરા તબ; હુવા મનુશકા ફીર અવતાર
ઉનકી હકીકત શુનો શાહેરો; ખેલ કીયા કેથા કીરતાર.
પદમ શેઠકે ઘેર અવતરી; હુઇ શાવલીગા એ નાર;
શાલીવાહન રાજાકે ઘર; શદેવંત હુવા કુવર.

ગોરખ નાથ એક ગયા ગામમે, દેખી ઉનને એ નારી;
એકાએક આપળા બારણે; ઘાવ લગા ઉનકું કારી.
ગયા તુરત એ રાજાકે ઘર; જાકર ઉનને કીયે બખાણ
મેંને દેખી એક પદમની, શુન તું રાજા ચતુરશુ જાણ.
નહીં દેખી કંઇ ભરત ખંડમે; એશી નાજુક કોઇ નારી
એકાએક મેં પળા બારણે; ઘાવ લગા મુજ કું કારી.
પદમ શેઠકી એ હે દીકરી; સાવલીંગા હે ઉનકા નામ.
ઝુકી રહી એક બડી હવેલી; હેગા ઉનમે ઉશકા ધામ.
ગયા શદેવંત ઘરસે નીકલકે, હુવા ઇશ્કમે દીવાનાં;
પુછા વાહાંલાલા બારોટકું; હું ઢનીકાલા ઠેકાનાં.
મીલી નજરશે નાજુક નારી; પાલવમાં પકડા ઉનકા;
હુશકે પ્યારી બોલા મુખશે, પડદા ઓઢો ઘુંઘટકા.
તબી એ શુંદર ચુકર બોલી; બાત કરેંગે છાંની છાની.
અબી પલટકે ભેખ યહાંશે; નીશાલમે આવો જાની.
વહાં કરીંગે બાતાં દીલકી; નહીં રખના દીલમે ખટકા.
એવના કેહકે ચલી એ શુંદર; નખરેશે કરતી લટકા.
બાજે પાઉંમે પાયેલ ઘુઘરૂ; ઘનન ઘનન ઘમકે ધરતી.
ઘમુક ચમકકે ચલી નાજનાં, આશકકું ઘાયલ કરતી.
ગયા શદેવંત ઘર વહાંશે, ફીર જોશીકું બુલવાયા,
નીશાલમે જાનેકે ખાતર; પોથી દપતર ખુલવાયા.
દેખા વહાં અમરત ચોઘડીયા, ગયા શદેવંત ઉશી ઘડી,
તબી વહાં નાજુક પદમની; પડદેમેશે નજર પડી.
બેઠ જાકે પાશ ઉનુંકે, મીજવાનીકા કીયા ઠરાવ,
મેતાજીકું બેજ બાગમેં, સુખ પડદેકું દીયે ઉડાવ.

લાવણી ૮

મુજ માંણ્ શનેહી પ્યારા, ખુમાન કેશરજી.,
તમો સ્નેહ ધરી શાંભલજો, મીત્રની અરજી.
આઇવા પીતા ધોધલને ત્યાંય, ઉછાલી માંહે
હું ખબર શાંભળી ગયો, મલવાને ત્યાંહે.
પ્રીત થકી ખબર ઘરતણી; શહુ પુછી મેં.
થયું દીલ અતીશે મગ્ન, બેઠા ખુશીમેં.
બોલ્યા બાપુ મુખથી વાંણ્, દીલને દાજે.
ગયા ભાઇ શુરજને ત્યાંય, તેડવા કાજે.
મેં કહ્યુ ચાલો મુજ ઘેર, આણોને મહેર અરે અત્યારે
ત્યારે કહ્યું કે આવશુ તમ ઘેર, જહાશુ હમો ત્યારે,
હું આબ્યો ધરીને, આશ, મુજનો પ રા અરે તેવારે.
પણ થયો ઘણો ઉદાશી. આવ્યા નહીં ત્યારે.
દીન બેચારેકે, પત્ર તમારો આવ્યો.
તે વાંચી કરીને, હરસ ઘણો ઉપજાવ્યો.
મીત્ર પ્રીત તણી તો રીત તમારો સાચી,
પણ આવજો જરૂરથી, તમો પત્રને વાંચી.
આ હુશેન ભાઇનો અરજ, સ્નેહી શાંભળજો.
હવે થોડા દીવશમાં જરૂર આવી ને મલજો.

ગરબો.

પ્રભુ પ્રીત કરી, પાવન કરવા આપ પધારયા વન એ રાગ
ધન ધન દાનજી જગતમા જીવ્યુરે તારૂ શફળ થયું.
બહુ પુન્ય થકી આને અવતારીએ નામ અમર રહ્યુ
તારા પરોપકારનો પાર નથી, હુ કઈ શકતો નથી કથનકથી,
તુતો દીશ છે દાનેશ્વર પતીરે, ધન ધન દાનજી,
તુ પરગણામાં પકાયો, તારો જશ કવી લોક ગાયો

તુ મુલખો મુલખમાં વખાણાંયોરે, ધંન ધંન દાંનજી.
તેં ભલાભલાને વશ કીધા,કંઇ નાણાં ખરચીને જશ લીધા
તે ઇજારા ડંકાનાં કીધારે, ધન ધન દાંનજી.
આ અવશારીએ લાવો લીધો, તુ પઇશા ભાગો નવ બીધો
તેં મનખો જનમ શફળ કીધોરે, ધન ધન દાંનુજી.
તારૂ જીવ્યુ તો પ્રમાણ થયું; આજીવ્યાથી નવ જાય કહ્યું
તારૂં નવેખંડમાં નામ રહ્યુંરે, ધન ધન દાનજી
કઇ કરપ તારો બહુ ભારી, તને દેખીને કાંપે નરનારી,
તે જનમો જનમની જડ મારીરે, ધનધન દાનજી.
તે જગતમાં જીવી જાણ્યું, તે ભુખ્યાને આપ્યું ખાણું,
નહીં ઉચ નીચનું મન આણ્યુ રે, ધન ધન દાંનજી.
બહુ પરમારથ કામો કીધાં, દુઃખીયાનાં દુઃખ ભાગી દીધા
તે કામો નેકીનાં કીધારે, ધન ધન દાંનજી
તું દુઃખીયાનો દાતાર ઘણો, તું શુરાનો શરદાર બન્યો.
છે શાને તુજથી આધાર ઘણોરે, ધન ધન દાંનજી.
ધન ધન તેં ધરમ વશ કીધા; કંઇ જગનોનાં લાવા લીધા.
તે લાખો રૂપીયા ઉડાવી દીધારે; ધન ધન દાંનજી,
કહે હુશેન અબરામ દીનદારી,કર જોડીને કહુંછુ વીરતારી
તમે શાંભળજો નરને નારીરે, ધંન ધંન દાંનજી.

ગરબો

શયર શું કરૂરે મારો અબળાનો અવતાર એ રાગ.

ધન તારૂ જીવવુ રે ધન, કેશવજી ગોપાળ.
કાઇતો ગામમાંરે, રૂડુ ઘર તારૂ રશાળ.
પુરવ પશ્ચમ તણારે, મુકયાં બારણાં બેચાર.
મુકી તે બારીયોરે, તેની શોભાનો નહીં પાર

શામે બારણુરે, વહે છે ખાડીયાનુ નીર
બીજુતો આવયુરે, રૂડુ માહાદેવનુ મદીર
આરે ફરીયેરે, તેતો કીધો છે મુકામ.
બાયેગ પાંશરેરે, આઇવુ પટેલીનું કામ
થાંનદાર ખકુબાયેરે, કીધી પટેલીની પેરે
ખરૂંતો લખાણ કરયુરે, આણી તારા ઉપર મેર.
હુજુરથી હુકમ થયોરે, આઇવો વાલેય મુકામ
તેથી શાઇપુરે, તને પટેલીનું કામ.
હુશેનભાઇ અરજ કરેરે, તમો શુણજો નરને નાર
જગમાં ઘણું જીવોરે, તમે કેશવજી ગોપાળ.

ધોળ.

ધંન ધંનરે દાનજી, તમુ નામને
રૂડું માડવા શરણુરે, ગામને,
તેમાં આપે બીરાજો છો અતી
તેનુ બરણુન કરાય ન મુજ વતી
રૂડી બેઠક કચેરીતો કાડીને
આમાં તખતામાં છબીયોતો પાડીને
હાંડી ઝુમર તખતા ટાંઇગાને
રૂડા ઘડીયાલમાં, ઘંટ વાઇગાને
એવી બેઠકની શોભા તો શારી
તેની વાત કહી વીસ્તારીને.
વળી આપ દીશો દાનેસ્વરી,
દાન આપ છો દીલમાં દયા કરી
તમો દુઃખીયાનાતોરે દાતાર છો
રૂડા શુરા તણારે શરદાર છો
તમ જીવવુતોરે પરમાણ છે

તારૂં જગત વીસેરે વખાણ છે
આ અવશારીયેરે, લાવે લીધા
રૂડો મનશા જનમ, શફળ કીધો
કીધા અવીચળ શરખાં તે કામને
તારૂં અમર રહેશેરે નામને.

ગરબો.

નહીં આલું હો નંદનાં લાલરે, મહીડાં મારાંરે, એ રાગ.

રૂડું રૂડું વડોદરૂં શેહેરરે, શેહેર બહુ શારૂંરે.
તેમાં રાજ થયું મહારાજ, શયાજી રાવ તમારૂંરે
આખા શેહેરમધે મહરાજે, રોશની કીધીરે,
આવી ગવંડ શરકારે, શાબાશીતો દીધીરે,
કીધું દારૂતણું દમરોડરે, તોપો તો બહુ છોડીરે
નીશરીયા હરખ ભરાં શહુ લોકો ઘોડાને ગાડી જોડીરે.
ધંન ધંન ઘડીને ધંન વારરે, આંજનો દાડોરે
રૂડો અમલ થયો મહરાજ, શયાજીરાવ તમારોરે,
ઘણી મેહેર કરી મહારાજરે, દુઃખ હરી લીધાંરે.
શઉ રહયતાને કાજ, શુખ બહુ કીધાંરે.
દયા કરી દીલે મહારાજરે, દર ઓછા કીધારે,
શહુ ગરીબ લોકોને કાજ, રૂપીયા દીધારે
થયો શઉને આનંદ કારરે; દુખ ગયાં નાશીરે
હવે દીશે છે શુખીયા લોક, આ રાજના રેવાશીરે.
શહુ ઘેરે ઘેર નરને નારરે, આશીશ દ છે રે
રૂડી મુખથી જય જય કાર, વાણી કે છે રે,
રાજા શયાજીરાવ મહારાજરે, ઘણુ ઘણુ જીવોરે.
રૂડો મરેઠા વશમાં આજ, પ્રગટયા દીવોરે.
તારો અચળ અમલ મહારાજરે, હંપર થાજોરે.

તાર વંશનો બહુ વીસ્તાર, વધતો જાજોરે.
કીરતી શાંભળી હુશેન અબરામજી, જરા ગુણ ગાઇરે.
જે શાંભળે નરને નાર, તે પાવંન થાઇરે

લાવણી ૯.

બરચી ગામનારે ભગાભાઈ હરજીને, નશીબ તારૂં, બહુ શારૂં.
પરી પુરણ તે પઇસા મેળવ્યા ને, શફળ થયું જીવતર તારૂં
બે ગારાની તે બાંધી હવેલી ને, જુગતી આણી બહુ ન્યારી.
ઉપર જડાવ્યાં પીડપાટીયાને, પનીયારાની જુગતી શારી.
આગલા ઓરડમાં બેઠક કચેરીને, ઉપર કાડી તખતાનીતો હાર
શોભા તેની શી હું વખાણું ને. છે શોભા તો અપરમપાર
વાસ્તુ પુજા જ્યારે ઘરની કરી ત્યારે, શો માણસ તેડાવ્યાં ઘેર.
બ્રામણોને તે આપી દક્ષણાને, વીદાય કીધા ઉલટભેર,
બ્રામણ લોકો વદે આશીશોને, પરમારથનું તે કીધું કામ.
ધન ધન ભગાભાઈ હરજીને, પરગણું પંકાયુ નામ
આ દુનીયામા દેહ ધરીને, શશારી લાવા લીધા.
કરી હામ હઇડામાં ખંતીલને, વેપાર રોજગાર બહુ કીધા.
બાજુએ વેપાર ચલાવે ને, કપડનુ પણ ચાલે કામ
કામ કરે કીશમત આધારેને, શોભા તો રાખે શ્રીરામ.

લાવણી ૧૦

સખી સાંભળ કહું એક વાત, કરવો કાંઇ ઘાટ, પ્રીત કરવાનો,
તુજ વીના પ્યારી હું કંઇ નથી ઠરવાનો.
એક અમુલ નામ તુજ હરી, ઇંદ્રની પરી, રૂપની ભરી,
પ્યારી તું જાતે,
જેમ ખીલ્યો ચંદ્રમા શદે પુનમની રાતે.
તારા ફુલ ગુલાબી ગાલ, સોનેરી બાલ, લટકતી ચાલ,
ગાઉછું ખ્યાલે;

પ્યારી નહીં મલે તો થઇ જાઉં પાયમાલે.
તારા કીરમીંજી છે હોઠ, હરન શી કોટ, સાલુનુ પેસ્ત,
બહુ છે ઝીણું;
તારૂ નાક ચંપાનો છોડ, જેવું છે તીણું.
પ્યારી ગાયન જયારે ગાય, મન ખુશી થાય; હરખ નહીં માગ,
અરે દીલજાની;
પ્યારી તને જોઇને થઇ ગઈ સુરત દીવાની.
હું તારૂં સમરણ કરૂં, કાંય નહીં ઠરૂં, હવે શું કરૂં, અરે
દીલજાની;
પ્યારી તારા ખાતર મેં તજયું અન્નને પાણી.
પ્યારી લાવ સોગટાબાજી, રમીએ થઇ રાજી, મન તુ કર
કાજી, નહીં તો હરવાનો;
તુજ વીના પ્યારી હું કંઈ નથી ઠરવાનો.
પ્યારી ભર્યા ગણી થઇ હુશીયાર, થઇ ખબરદાર, કરંની તુ યાર
હરજીના જેવો.
પ્યારી તુજ પ્રીતીના મારે ખાવો છે મેવો.
હવે મન મારૂ નથી રેતું, પાણીજેમ વેહુ, વરસાદની વાટે.
પ્યારી આવીને તુ બેશ મારી શાથે.
પ્યારી લાવ સોગટા બાજી, રમીએ થઇ રાજી, મન તુ કર કાજી,
નહીં તો હરવાનો.
તુજ વીનાં પ્યારી હું, કઈ નથી ઠરવાનો.

લાવણી ૧૧.

હવે નીકળી પડયા શાથ, બેહુ એક જાત, કહુ શી વાત,
દુઃખમાં શારી.
બેનપણી તુ શાંભળ, હવે મારી લાચારી;
હુ હતી ગીરસ્તી નાર, વરશ થયાં બાર, નીકળી છુ બહાર,
યારોની શાથે.

ના લીધી નાતમાં પછીથી, મારે નાયે.
મેં તજ્યુ કુટબ પરીવાર, થઈ છુ લાચાર, ખાઉ છુ માર,
યારોને જુચે.

નાદાન પણામાં બગડી, હુ મારી જાતે.
મુવો બધા લખણનો પુરો, ઘણો છે બુરો, લડવામાં સુરો.
મુવો જુગારી.

બેનપાણી તુ શાંભળ હવે મારી લાચારી.
મુવો રોજ દારૂ પીયાવે, મને ધમકાવે, દમડી નહીં લાવે,
મતલબનો ગરજી.

બેન કાંવેરદુ:ખડાં સહુ, ખુદાની મરજી.
હુ દુઃખડાં રેહી હવે થાકી, વાત મારી બાકી, દુઃખમાં
નાખી, તે મારી માયે.

બેન યાર શારો પણ, પણો નહી વેઠાયે.
બેન કામકોજ નહી થાયે, કલેજુ દુજે, ઘાવ નહી રૂજે, દુઃખ
છે ભારી.

બેનપાણી તુ શાંભળ, હવે મારી લાચારી.
હુ ધણી સાથે નહીં રહુ, કારગતો લેઉ, શરકારમાં કહુ, આપુ
એક અરજી,

કોઈ નવો કથ કરવાની, મારી મરજી છે મરજી.
શોક ઉપર રાખેછે મીત, ગાયછે ગીત, એવીછે રીત, ચેરા નુરાની;
કોઇ ફકડ મલે તો, સુખે જાય, જુવાની.

સમાપ્ત.